# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૫ કેસ

## સારવાર દરમ્યાન આજે કલોલના વધુ એક દર્દીનું અવસાન : ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુઆંક ૨૯ થયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોના સંક્રમણને નાથવા તંત્રએ પણ હવે આકરા પગલાં લેવા માટે મન બનાવી લીધુ છે. આજે સારવાર દરમ્યાન કલોલ તાલુકાના વધુ એક દર્દીનું અવસાન થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગર તાલુકામાં ૩ કેસ અને માણસા તાલુકામાં બે કેસ મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના પોર ગામમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે એક ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાન ગાંધીનગર જીઆઈડીસી વિસ્તારમાં આવેલ એક સહકારી સંસ્થામાં નોકરી કરે છે પણ નોકરીમાં તે છેલ્લા ૧૦ દિવસથી રજા પર છે. આ દર્દીના ઘરમાં ૩ વ્યક્તીઓ છે અને તેમને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવેલ છે.

આ ઉપરાંત એક ૬૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. બી.પી. અને ડાયાબીટીસની બિમારીથી પિડાતા આ વૃદ્ધ ક્યાંય બહાર ગયાની હિસ્ટ્રી જાણવા મળી નથી. જો કે તેમને શ્વાસમાં તકલીફ થતાં નમૂના લઈ તપાસ માટે મોકલવામાં આવતાં રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધના પરિવારના ૩ સભ્યોને પણ તંત્ર દ્વારા ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

વાવોલમાંથી પણ વધુ એક કેસ તંત્ર સામે આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે અગાઉ સંક્રમિત થયેલ વ્યક્તીના પરિવારમાંથી જ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાએ અત્યાર સુધી જુદી જુદી કક્ષાના ૨૭૩૬ આવાસોનુ નિર્માણ કર્યુ

## ગુડા સોમવારે આર્થિક રીતે નબળા પરિવારજનો માટે આવાસોનો ડ્રો કરશે : કુડાસણ અને સરગાસણમાં ૭૨૮ મકાનો તૈયાર થઇ રહ્યા છે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સોમવારે નવા ૭૨૮ આવાસોનો ડ્રો કરવામાં આવશે. કુડાસણ અને સરગાસણમાં નવા આવાસો તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે. આવાસો તૈયાર થઈ ગયા બાદ લાભાર્થીઓને મકાનોનો કબજો પણ સોંપી દેવાશે. ગુડાએ અત્યાર સુધી ૨૭૩૬ નવા આવાસો બનાવ્યા છે. જયારે આર્થિક રીતે નબળા વર્ગના નાગરિકોને ૨૨ જુનના રોજ સવારે ૧૧ કલાકે સ્વર્ણિમ સંકુલમાં લાભાર્થીઓને આવાસોનો ડ્રો કરાશે.

ગુડા દ્વારા અત્યાર સુધી વિવિધ વર્ગને અનુલક્ષીને નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. ગુડાના કુડાસણના ટી પી ૬ વિસ્તારમાં ૩૩૬ અને સરગાસણ ના ટી પી વિસ્તારમાં ૩૯૨

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૪ કેસ કોરોનાના નોંધાયા

## સે. ૨, સે. ૩, સે. ૪ અને સે. ૨૭ માંથી નવા કેસ મળ્યા : શહેરમાં ૧૭૮ કેસ અત્યાર સુધી નોંધાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૧૭૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨-એ, સે. ૩-બી, સે. ૪-બી અને સે. ૨૭ માંથી આ કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ મહિલા દર્દી છે. શહેરમાં કેસોની વધતી સંખ્યા અને નવા વિસ્તારોમાંથી મળતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. તંત્ર દ્વારા આજે આ ચારેય સેક્ટરોમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની કામગીરી હાથ ધરી આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. તંત્ર હજુ પણ કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાઈ રહ્યા હોવાનું જણાવી રહેલ છે.

● અનુસંધાન પાન-૭ પર




### વડનગરા નાગર અવસાન

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે
અંબરીષભાઈ અવંતીરામ ઓઝા(ઉ.વ.૮૩)નું
તા. ૧૯/૬/૨૦૨૦ના રોજ અવસાન થયેલ છે.
નોંધઃ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને
સદ્‌ગતનું ઉઠમણું રાખેલ નથી.

સરનામું : પ્લોટ નં. ૧૯૭/૨, સેકટર-૬/બી, ગાંધીનગર

શૈવાલિનીબેન અંબરીષભાઈ ઓઝા(પત્ની)
હેમાલી તારક ઓઝા (પુત્રવધૂ)
મેધાવી તારક ઓઝા (પૌત્રી)
લી.
રૂપલ ધૈવત ધારેખાન (પુત્રી)
નિશા સમીર માંકડ (પુત્રી)










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com